અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ અને ગાંધીનગરનું ગૌરવ

# ડૉ. રણછોડ રથવીને ભારત વિદ્યારત્ન ઍવૉર્ડ



ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉલેજના ફિઝિકલ ઍજ્યુકેશનના પ્રૉફેસર ડૉ. રણછોડ રથવીને શિક્ષણમાં ઉલ્લેખનીય અને અસાધારણ ભૂમિકા ભજવવા માટે ભારત વિદ્યારત્ન ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ડૉ. રથવીને સિક્કિમના રાજ્યપાલના હસ્તે આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ડૉ. રથવી છેલ્લાં ૧૬ વર્ષથી ઍનઍસઍસના પ્રોગ્રામ ઑફિસર તરીકે સફળ કામગીરી બજાવી રહ્યા છે. તેમના શ્રેષ્ઠ માર્ગદર્શન અને પ્રશંસનીય લોકસેવાના સન્માનાર્થે તેમને ઍનઍસઍસના બેસ્ટ પ્રોગ્રામ ઑફિસર તરીકે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે નૅશનલ ઍનઍસઍસ ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે. તેમના નેતૃત્વમાં વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા ૮ હજાર કરતાં વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, ૧૭ રક્તદાન શિબિર દ્વારા પાંચ હજારથી વધુ રક્તની બૉટલ એકત્ર કરવામાં આવી છે. ઉપરાંત પચીસ જેટલા મૅડિકલ નેત્રનિદાન ચૅક-અપ કાર્યક્રમો દ્વારા હજારો લોકોને નિઃશુલ્ક નિદાન, દવા અને ચશ્માંનું વિતરણ કરાયું છે. ૯ જેટલાં ગામોમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો પણ તેમના નેતૃત્વમાં યોજાયા છે, જેના થકી હજારો લોકોને જાગૃત બનાવવાનું શ્રેષ્ઠ અને ભગીરથ કાર્ય એમણે બજાવ્યું છે. ૪૫૦૦થી વધુ લોકો તેમના માર્ગદર્શનથી વ્યસનમુક્ત બન્યા છે.

તેમણે ૨૦૧૪માં પ્રજાસત્તાક પરેડમાં ગુજરાતના ઍનઍસઍસ ટીમ લીડર તરીકે નવી દિલ્હી ખાતે એક માસ સેવાઓ આપી હતી. અગણિત સેવાકીય, સર્જનાત્મક કાર્યો ઉપરાંત અનેક વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી તેમનાં જીવનને શ્રેષ્ઠ બનાવવાનું ઉમદા કાર્ય તેમણે બજાવ્યું છે. તેમના માર્ગદર્શનથી ઍનઍસઍસના બે સ્વયંસેવકોએ નૅશનલ અને ૫ સ્વયંસેવકો રાજ્ય ઍવૉર્ડ પ્રાપ્ત કર્યો છે.

## સ્વામી વિવેકાનંદે શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં આપેલા ઐતિહાસિક વક્તવ્યની ૧૨૫મી વર્ષગાંઠ ઉજવાઈ



ગાંધીનગર, તા. ૧૧

સ્વામી વિવેકાનંદે શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં આપેલા ઐતિહાસિક વક્તવ્યની ૧૨૫મી વર્ષગાંઠ નિમિત્તે રામકૃષ્ણ મઠ અમદાવાદ તરફથી ૧૧મી સપ્ટેમ્બરના રોજ સૌરાષ્ટ્ર સ્કૂલ ખાતે સ્વામી આદિભવાનંદજી મહારાજનું પ્રવચન અને ગુજરાત યુનિવર્સિટીમાં પુસ્તકોનું વેચાણ સહિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ ખાતાએ પરિપત્ર બહાર પાડીને રાજ્યની શાળા-કૉલેજોને ૧૧મી સપ્ટેમ્બરે સવારના પ્રાર્થના સત્રમાં શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદે આપેલું પ્રથમ વક્તવ્ય વાંચી સંભળાવવા જણાવ્યું છે.

સ્વામી વિવેકાનંદે બપોરે સાડા ત્રણ વાગ્યે વક્તવ્ય શરૂ કર્યું હતું. તેમણે શ્રોતાઓને 'અમેરિકાનાં બહેનો અને ભાઈઓ' કહીને સંબોધ્યા હતા, જે એક અસામાન્ય સંબોધન હોવાથી શ્રોતાઓએ ખૂબ જ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો હતો. લોકોએ પોતાની જગ્યા પર ઊભા થઈને તેમનું અભિવાદન કર્યું હતું. ઘણા સમય સુધી હર્ષનાદ ચાલુ રહ્યો હતો. માહોલ શાંત થયા પછી સ્વામી વિવેકાનંદે રુંવાડા ઊભા કરી દે એવું વક્તવ્ય આપ્યું હતું. તેમણે હિંદુત્વની આપણી સામાન્ય સમજ પ્રમાણે પ્રશંસા નહોતી કરી. તેમણે સહિષ્ણુતાના ગુણની પ્રશંસા કરી. ફક્ત 'સહિષ્ણુતા' તેમના માટે પર્યાપ્ત નહોતી; તેમણે તો 'સ્વીકૃતિ' પસંદ હતી.દરેક ધર્મનો સ્વીકાર થવો જોઈએ અને તેને સન્માનિત સ્થળ મળવું જોઈએ. કોઈ પણ ધર્મને પવિત્રતા પર એકાધિકાર નથી હોતો, એમણે કહ્યું. દરેક ધર્મમાં મહાન સંતો થઈ ગયા છે અને સમાનત્વની સાબિતી છે. સ્વામી વિવેકાનંદે એ સત્યનો ઉપદેશ આપ્યો જે દરેક ધર્મ માટે સમાન છે કે 'દરેક વ્યક્તિમાં દિવ્યતા સુષુપ્તપણે રહેલ છે. અંદરની આ દિવ્યતાને બાહ્ય તેમજ આંતર પ્રકૃતિના નિયમન દ્વારા અભિવ્યક્ત કરવી એ જીવનનું ધ્યેય છે. કર્મ, ઉપાસના, મનનો સંયમ અથવા તત્વજ્ઞાન - એમ એક અથવા અનેક દ્વારા આ જીવનધ્યેયને સિદ્ધ કરો અને મુક્ત બનો. ધર્મનું આ સમગ્ર તત્વ છે. સિદ્ધાંતો, મતવાદો, અનુષ્ઠાનો, શાસ્ત્રો, મંદિરો કે મૂર્તિઓ એ બધું ગૌણ છે.' આ એમના ઉપદેશનો સાર હતો. દરેક ધર્મનું સાર્વત્રિક તત્વઃ વ્યક્તિ સંપૂર્ણ કઈ રીતે બની શકે? દરેક ધર્મ સાર્વત્રિક છે, જો તેનું ધ્યાન સાર્વત્રિક તત્વ પર કેન્દ્રિત હોય.

જો વ્યક્તિ દિવ્ય હોય, તો તે દરેક જગ્યાએ એક છે, ભાષા, રંગ અને બીજી વિશેષતાઓથી કોઈ ફર્ક નથી પડતો. તેનો ઉત્તરાર્ધ એ થાય કે દરેક સંબંધનો મૂળ આધાર પ્રેમ છે. આ સ્વામીજીના ઉપદેશનો કેન્દ્રીય વિષય હતો. એમણે ઈતિહાસ, દર્શનશાસ્ત્ર, ધર્મ, સાહિત્ય, અને વિજ્ઞાન પર ખૂબ કહ્યું હશે, પણ તેમના સંપૂર્ણ શિક્ષણનો સારાંશ તો 'પ્રેમ' જ હતો. દરેક ધર્મનો હાર્દ સાર્વત્રિક પ્રેમ છે. આ ભૌતિકવાદના યુગમાં જ્યારે લોકો અનંત ભોગોની ઈચ્છાઓ પૂર્ણ કરીને આધ્યાત્મિક અભાવ તરફ જઈ રહ્યા છે, ત્યારે સાર્વત્રિક ભાઈચારાનો સંદેશ, જે સ્વામી વિવેકાનંદે ૧૨૫ વર્ષ પહેલા વિશ્વધર્મ પરિષદમાં જાહેર કર્યો, તે આપણને જીવનની પરિપૂર્ણતા નો માર્ગ બતાવે છે. આપણે જ્યારે જીવનના રોજંદા સંઘર્ષોમાં ફસાયેલ છીએ ત્યારે સ્વામીજી એક દીવાદાંડી સ્વરૂપે આપણને આપણી મંજિલ બતાવે છે. તે આ પ્રમાણે છે - 'આપણે દિવ્ય છીએ અને આપણા બધાંની અંદર રહેલ દિવ્યતા પ્રત્યેનીનિઃસ્વાર્થસેવા કરીએ એ જ સાચી પૂજા છે.'

૧૨૫ વર્ષ વીતી ગયા છે પણ આપણે તે લક્ષ્યથી ખૂબ દૂર છીએ. સ્વામીજીના આ ઐતિહાસિક ભાષણના ૧૨૫ વર્ષના નિમિતે ચાલો આપણે આપણી આંખને સ્વામી વિવેકાનંદ રૂપી દીવાદાંડી તરફ રાખીને આપણી જીવનરૂપી નૌકાને તે તરફ હલેસીને લઈ જઈએ,એમ સ્વામી નિખીલેશ્વરાનંદજીએ જણાવ્યું છે. આ પ્રસંગે રાજકોટ રામકૃષ્ણ આશ્રમ તરફથી યુવા પરિષદ પણ યોજવામાં આવી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં

# વિદ્યાર્થિનીઓ માટે 'દાદા-દાદી પૂજન મહોત્સવ'





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં વિદ્યાર્થિનીઓ માટે 'દાદા-દાદી પૂજન મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળા પરિસરમાં સ્થિત ખીમજી વિસરામ હૉલમાં ઉજવવામાં આવેલ આ મહોત્સવમાં ૮૦૦ જેટલા વડીલો ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં પધારેલા દાદા-દાદીઓનું કંકુ અને ગુલાબના પુષ્પ દ્વારા પોતાની પૌત્રીઓએ પૂજન કરેલ. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય બાળ આયોગનાં ચૅર પર્સન જાગૃતિબેન પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં. અતિથિ તરીકે ડૉ. આરતીબેન, ડૉ. વિનુભાઈ પટેલ તથા સંસ્થાના કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ અને વૉઈસ ઑફ કૅપિટના તંત્રી રાજેશભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય દ્વારા સૌથી વધારે વય ધરાવતા વડીલોને ડાયસ પર સ્થાતનત આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વક્તાઓએ પરિવારમાં વડીલોનું મહત્ત્વ, તેમની જવાબદારી તથા સાંપ્રત સમયમાં દિનપ્રતિદિન ઘટતા જતા સંયુક્ત કુટુંબનાં કારણો અને તેની સમસ્યાના ઉકેલ માટે વડીલો કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની સુંદર છણાવટ કરી હતી અને સંતાનોની પરિવાર પ્રત્યે જવાબદારી શું હોય તે અંગેની સમજ આપી હતી. શાળાનાં મદદનીશ શિક્ષક સેજલબેન તથા મિત્તલબેને પ્રસંગને અનુરૂપ ગીત રજૂ કર્યું હતું. ડૉ. વિનુભાઈ તરફથી તમામ મહેમાનોને જીવનઉપયોગી પુસ્તકની ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ આચાર્ય નીરૂબેન જે પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાન્તભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમના આયોજક અને કન્વીનર તરીકેની ફરજ ભગવતીબેન ઍસ પટેલ અને જયશ્રીબેન પટેલ દ્વારા નિભાવવામાં આવી હતી.

## શ્રી પી કે ચૌધરી મહિલા કૉલેજ ખાતે જીવનઆસ્થા હૅલ્પલાઈન અંગે કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કાર્યરત સ્ટુડન્ટ મેન્ટરિંગ સેલ અને એનએસએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે સુરક્ષા સેતુ-ગુજરાત પોલીસ દ્વારા જીવનઆસ્થા પ્રોગ્રામ અન્વયે એક કાર્યક્રમ યોજાયો હતો. તે અન્વયે વિદ્યાર્થિનીઓને જીવનમાં મૂંઝવતા પ્રશ્નો અંગે સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ડીવાયઍસપી ઍમ જે સોલંકી, પીઆઈ પી સી વાલેરા, ડૉ. પ્રિયંત ખેચર, ડૉ. સંદીપ સિધ્ધપરા, જીવન આસ્થા હૅલ્પલાઈનના કાઉન્સેલર્સ, અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. પીઆઈ પી સી વાલેરાએ જીવન આસ્થા હૅલ્પલાઈનની કામગીરી અંગે માહિતી આપી હતી. સાથે-સાથે ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ હૅલ્પલાઈનના સંદેશને કેન્દ્રમાં રાખીને નાટ્યની પ્રસ્તુતિ કરી હતી.

ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત શંકરભાઈ ચૌધરીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન ડૉ. લીના સ્વાદિયા, ડૉ. ઍન કે પટેલ અને ડૉ. રાકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરી અને મનોચિકિત્સક ડૉ. અનિલ ચૌહાણે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રાકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના વ્યવસ્થાપનની જવાબદારી ઍનઍસઍસની સ્વયં-સેવિકા બહેનોએ અદા કરી હતી.

## પેથાપુર-બોરીજ આંગણવાડીમાં બાળપોષણ અંગે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૧

ભારતમાં દર વર્ષે તા. ૧થી ૭ સપ્ટેમ્બરને રાષ્ટ્રીય પોષણ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ચાલતા ઍમઍસસી (ફૂડ ઍન્ડ ન્યુટ્રિશિયન વિભાગ)ના વિદ્યાર્થીઓ દ્વારા પેથાપુર અને બોરીજ આંગણવાડીમાં બાળપોષણને લગતો પપેટ શો, વાનગી નિદર્શન અને ઍમઍસસીના વિદ્યાર્થીઓ દ્વારા બાળરોગના પોસ્ટર્સનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી દ્વારા ચાલતા સૅન્ટર ઑફ રિસર્ચ અંતર્ગત સગર્ભા બહેનો માટે ગાંધીનગર ખાતે ચાલતા તપોવન સંશોધન કેન્દ્રમાં નેચરોપેથ ડૉ. વર્ષાબેન દવેએ નેચરોપેથની દૃષ્ટિએ સગર્ભા માતાનો પોષક આહાર વિષય અંગે સમજ આપી હતી. તે ઉપરાંત રજિસ્ટ્રાર કમલામણીબહેન રાવે સગર્ભા બહેનો દ્વારા બનાવવામાં આવેલી પૌષ્ટિક વાનગીઓમાં રહેલા પોષણમૂલ્ય અંગે સમજ આપી હતી. તે ઉપરાંત સગર્ભ બહેનોએ માસાનુમાસિક ગર્ભિણી પરિચર્યાનો ચાર્ટ બનાવ્યો હતો, જેમાં ૯ માસ દરમિયાનના આહાર, વિહાર, વાચન અને વસ્ત્રની માહિતી આપી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અંતર્ગત સમગ્ર રાજ્યમાં ચાલતા તમામ તપોવન સંશોધન કેન્દ્રોમાં પણ રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી વિવિધ નિષ્ણાતો દ્વારા કરવામાં આવી હતી.

## આરજી-ઍસબી કન્યા શાળામાં એઍફઍસ માર્ગદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે તાજેતરમાં એઍફઍસ ઈન્ટરકલ્ચરલ પ્રોગ્રામ, ઈન્ડિયાના ગુજરાત રિજનલ ડિરેક્ટર આશિષ કલાલ દ્વારા ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉજ્જવલ સિંઘ, અનીષ મંકોડી, વર્ષાબેન પારેખ તથા પરદેશથી અહીં અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગીતેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એઍફઍસ કન્વીનર કમલેશભાઈ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

# શાળા પરિવાર દ્વારા બાળકોને તિથિભોજન



સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે સોમવારે તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓને પણ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ તિથિભોજનનું આયોજન શાળાના સ્ટાફમિત્રો તથા નિવૃત્ત શિક્ષકોના ફાળાથી કરવામાં આવ્યું હતું.

## ઈલેક્ટ્રિક કારના ૩૪૯ મૉડલ ૨૦૨૦ સુધીમાં ભારતમાં દોડશે

ગાંધીનગર, તા. ૧૧

પેટ્રોલ-ડીઝલના આસમાને જઈ રહેલા ભાવની વચ્ચે ભારતમાં ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ કારને લઈને સરકાર અને કંપનીઓની તૈયારીઓ ઝડપી બની ગઈ છે. અનેક મોટી કંપનીઓ ૨૦૨૦ સુધી ઈલેક્ટ્રિક કાર લોન્ચ કરવા જઈ રહી છે જ્યારે સાત વર્ષની અંદર ભારતમાં ૩૪૯ મોડલ બજારમાં જોવા મળશે. ગ્લોબલ મોબિલિટી સંમેલન વચ્ચે આવેલી આંતરરાષ્ટ્રીય શોધ સંગઠન આઈસીસીટીના રિપોર્ટથી આ તથ્ય સામે આવ્યા છે. રિપોર્ટ અનુસાર દુનિયાની તમામ કાર કંપનીઓ ઈલેક્ટ્રિક કારના નવા મોડલોનું ડિઝાઈન તૈયારી કરી રહી છે. ૨૦૧૯ સુધીમાં જે મોડલ આવવાના છે તેમાં ઓડી ઈ-ટ્રોન સ્પોર્ટસબેક, જગુઆર એક્સજે, મિની ઈ, ટેસ્યલા મોડલ-૩, વોલ્વો એક્સિસી ૪૦, નિશાન આઈડીએસ, ઓડીક્યુ-૬ ઈ-ટ્રોન અને પોર્શ મિશન ઈનો સમાવેશ થાય છે.

## ૨૪ વર્ષના યુવાને શરૂ કર્યું દુનિયાનું સૌથી મોટું દરિયાની સફાઈનું અભિયાન

ગાંધીનગર, તા. ૧૧

દરિયામાં પ્લાસ્ટિક અને પ્રદુષણના ખતરાને ઓછો કરવા માટે દુનિયાભરમાં ઘણા પ્રયોગો ચલી રહ્યા છે. શનિવારે દરિયાને સાફ કરવા માટે અને પ્રદુષણ મુક્ત બનાવવા માટે વિશ્વનો સૌથી મોટો 'ઓશન ક્લીનઅપ' અભિયાન લૉન્ચ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાનની શરૂઆત કરનારા છે મૂળ રીતે ડચ બોયાન સ્લાટ. સંસ્થાની શરૂઆત તેમણે ૧૮ વર્ષની ઉંમરથી કરી હતી.

બોયાન જણાવે છે કે, ૮ વર્ષ પહેલા જ્યારે તેઓ ૧૬ વર્ષના હતા ત્યારે તેમણે સમૂદ્ર માર્ગેથી ગ્રીસની યાત્રા કરી હતી. તેમણે કહ્યું, ગ્રીસ જવાના રસ્તામાં માછલીઓથી વધારે તો પ્લાસ્ટિક પાણીમાં નજર આવી રહ્યું હતું અને આ મારા માટે ખુબ જ દુખદ હતું. ગત ૮ વર્ષથી હું આ પર કામ કરી રહ્યો છું કે દરિયાથી વધુમાં વધુ કચરો કેવી રીતે બહાર નીકાળી શકાય.

બોયાન અને તેમની ટીમ ૮ વર્ષથી આ દિશામાં કામ કરી રહી છે, પરતું શનિવારે ૨૦૦૦ ફુટના યૂ આકારવાળા કલેક્શન સિસ્ટમમને લોન્ચ કરવામાં આવશે. આ દ્વારા કેલિફોર્નિયાથી લઈ હવાઈ સુધીના સમૂદ્ર શ્રેત્ર ૬૦૦,૦૦૦માથી કચારાને નીકાળીને પાણીને સાફ કરવું છે. બોયાનની ટીમનો હેતુ છે કે દર વર્ષે દરિયામાંથી ૫૦ ટન જેટલો કચરો નિકાળવામાં આવે.

### ડાયરેક્ટ ❤ સે

ટીકા થાય
એ તો આપણા
જીવિત હોવાની
નિશાની છે
બાકી વખાણ તો
મર્યા પછી
થવાના જ છે

### જન્મદિને વધામણી



કૃપાલ
પ્રવીણભાઈ પ્રજાપતિ
મો. ૯૨૭૪૮ ૬૦૮૬૦

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા ઈન્ફોસિટી સ્કૂલ ખાતે રાષ્ટ્રભાવના વિષયે સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર દ્વારા ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે રાષ્ટ્રભાવના વિષયે સૅમિનાર યોજવામાં આવ્યો હતો.

લાયન્સ સ્વર્ણિમના ચૅરમૅન હિતેષ પંડ્યાના જન્મદિને યુવાનોમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય એ માટે આ સૅમિનાર યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, કુંપલ દવે, શિલ્પા દેસાઈ, ઈન્ફોસિટી કૉલેજના ટ્રસ્ટી વૈષ્ણવસર, દલસાણીયાસરના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

ઉદય પાંભરે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કવિ ડૉ. ધૈવત શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ભારતમાં દેશપ્રેમ પ્રત્યેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે.

## પેપર બચાવવા અને ગ્રીન પહેલના ભાગરુપે તૈયારીઓ ટૂંક સમયમાં કોચ પર ટ્રેન રિઝર્વેશન ચાર્ટ મૂકવાની પ્રક્રિયા બંધ થશે

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય રેલવે દ્વારા દશકોથી ચાલતી જુની પદ્ધતિને બદલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ મહિનામાં જ દેશભરમાં ટ્રેનોમાં હવે કોચ ઉપર મુકવામાં આવતા રિઝર્વેશન ચાર્ટની પ્રક્રિયાને દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોચ ઉપર મુકવામાં આવતા ટ્રેન રિઝર્વેશન ચાર્ટની પ્રક્રિયા હવે ભૂતકાળ બની જશે. રેલવે દ્વારા આ નવી હિલચાલ હાથ ધરવામાં આવી ચુકી છે. પેપરની બચત કરવાના પ્રયાસરુપે આને જોવામાં આવે છે. સાથે સાથે વધુ અસરકારક પહેલ તરીકે પણ આને જોવામાં આવે છે. રેલવે સત્તાવાળાઓનું કહેવું છે કે, પહેલા ટ્રેનમાં જે રીતે રિઝર્વેશન ચાર્ટ ડબ્બા ઉપર મુકવામાં આવતા હતા તે રીતે હવે મુકવામાં આવશે નહીં. આ પ્રક્રિયાનો અંત લાવવાની શરૂઆત કરવામાં આવી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ હિલચાલ પાછળના કેટલાક કારણો રહેલા છે. ૧૧ લાખ રેલવે ટિકિટ પૈકીની ૭૦ ટકા ટિકિટો ઈન્ટરનેટ ઉપર બુક કરવામાં આવતી ટિકિટ પૈકી રહે છે અને આ ટિકિટો દરરોજ વેચવામાં આવે છે. સીએસટી, મુંબઈ સેન્ટ્રલ અને અન્ય મોટા શહેરોમાં પહેલાથી જ આની શરૂઆત કરવામાં આવી ચુકી છે.